"વ્હાલી દિકરી" યોજનાની
જોગવાઈઓમાં સુધારા કરવા
બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:- મસક-૧૩૨૦૧૯-૧૧૮૧-અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) મહિલા બાળ વિકાસનો તા.૧૯/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ ક્રમાંક:- મસક-૧૩૨૦૧૯-૧૧૮૧અ

(૨) કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૨/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:- કમબ-વઅસ-૪૬૫૬

ઠરાવ

વંચાણ-(૧) હેઠળના ઠરાવથી "વ્હાલી દિકરી" યોજના રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે. વંચાણ (૨) હેઠળના પત્રથી કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીએ ઉક્ત યોજનાની જોગવાઈઓમાં સુધારા કરવા દરખાસ્ત કરેલ, જે અંગે વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

વ્હાલી દિકરી યોજનાના લાભાર્થી આંગણવાડી કેન્દ્ર/સીડીપીઓ કચેરી/જન સેવા કેન્દ્ર ઉપરાંત E-gram સેન્ટર પર અરજી જમા કરાવી શકશે ઉપરાંત www.digitalgujarat.gov.in પરથી ઓનલાઈન અરજી પણ કરી શકશે.

આ યોજનાની અરજી ઈ-ગ્રામ કેન્દ્રો/ઓનલાઈન મારફત કરવા માટે સુનિશ્ચિત કાર્યપ્રણાલી (Standard Operating Procedure) કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા નિર્ધારિત કરવાની રહેશે તેમજ જરૂરી આનુષાંગિક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઈ-ગ્રામ કેન્દ્રો મારફત મળતી સેવા અરજી દીઠ રૂ.૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) લેખે પુરી પાડવામાં આવશે ઈ-ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) દ્વારા વસુલ કરવામાં આવનાર રૂ. ૨૦ની આંતરીક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક – VCE ની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ. ૧૬/- |
| ૨ | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ. ૦૪/- |
| | કુલ | રૂ. ૨૦/- |

વંચાણ (૧) વાળા ઠરાવનાં મુદ્દા-સી-(૪) મુજબ મહાનગર પાલીકા/નગર પાલિકાનો જે વિસ્તાર આંગણવાડી વિસ્તાર/ કોઇપણ સેજાની મુખ્ય સેવિકા/ સી.ડી.પી.ઓ કચેરીના કાર્યક્ષેત્ર અંદર આવતો નથી તે વિસ્તારોમાં ઓફલાઈન મોડથી અરજી કરવા માંગતા અરજદારોએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીએ અરજી કરવાની રહેશે મહિલા અને બાળ અધિકારીએ સંબંધિત કચેરીના ફિલ્ડ ઓફિસર મારફત ઘર તપાસની કામગીરી કરી દિન-૪૫ માં અરજી મંજુર/નામંજુર કરવાની રહેશે.

વંચાણ (૧) વાળા ઠરાવના મુદ્દા સી-(૫)(૩)માં માતા-પિતાનું જન્મ પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ કરેલછે. તે આથી રદ કરવામાં આવે છે અને તેના બદલે દંપતીની લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ આથી ઉમેરવામાં આવે છે.

વંચાણ (૧) વાળા ઠરાવમાં મુદ્દા સી-(૫)(૪)માં માતા-પિતાની આવક અંગે મામલદાર/તાલુકા વિકાસ અધિકારી ચીફ ઓફિસર ઉપરાંત ગ્રામ પંચાયત તલાટી દ્વારા આપેલ પ્રમાણપત્ર પણ માન્ય રાખવાનું રહેશે.

વંચાણે લીધા (૨) આગળના ઠરાવથી નિયત કરેલ અરજી પત્રકની સાથે પુરાવાનું ચેકલીસ્ટ આથી નીચે મુજબનું રહેશે

(૧) લાભાર્થિ દિકરીના માતા પિતાની સંયુકત આવક અંગેનો ચીફ ઓફીસર/મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી પૈકી કોઈપણ એકનો દાખલો
(૨) લાભાર્થી દિકરીના માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર
(૩) લાભાર્થી દિકરીના આધાર કાર્ડની નકલ (જો હોય તો)
(૪) માતાનું આધારકાર્ડ
(૫) પિતાનું આધારકાર્ડ
(૬) રેશનકાર્ડ

વંચાણ લીધા (૧) આગળના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.
ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

(એન.એસ.વસાવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ